# Joint Press Release - 10th India-EU Human Rights Dialogue

## સંયુક્ત પ્રેસ રીલીઝ - 10માં ભારત-યુરોપિયન યુનિયન માન અધિકાર સંવાદ

15 જુલાઈ, 2022

નવી દિલ્હીમાં 15 જુલાઈ 2022 નાં રોજ 10માં ભારત-યુરોપિયન યુનિયન માનવ અધિકાર સંવાદ યોજવામાં આવ્યા હતા. ભારત અને યુરોપિયન યુનિયન દ્વારા તમામ માનવ અધિકારોનું રક્ષણ કરવાની અને પ્રચાર કરવાની તેઓની કટિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં, મૂક્ત અને લોકતાંત્રિક સમાજો તરીકે, તેઓએ તમામ માનવ અધિકારોની સાર્વત્રિકતા, વ્યક્તિગતતા, આંતર-અવલંબન અને આંતર સંબંધો પર ભાર મુક્યો હતો.

2. આ સંવાદોએ બૃહદ શ્રેણીમાં માનવ અધિકારોનાં મુદ્દાઓ પર ચર્ચાઓ કરવા માટેની તક આપી હતી. સહભાગીઓએ એપ્રિલ 2021 બાદ ભારત અને યુરોપિયન યુનિયનમાં તેઓનાં સંબંધિત અભિગમો, પ્રયાસો અને સિદ્ધિઓની રૂપરેખા આપી હતી.

3. ભારત અને યુરોપિયન દ્વારા નાગરિકોનાં અને રાજકીય અધિકારો, લઘુમતિ અને સંવેદનશીલ જૂથોનાં લોકોનાં અધિકારો, ધર્મ કે માન્યતાની સ્વતંત્રતા, ઓનલાઈન અને ઓફ્લાઈન અભિવ્યક્તિ અને અભિપ્રાયની સ્વતંત્રતા, સ્ત્રી સશક્તિકરણ, બાળકોનાં અધિકારો, LGBTQI+ નાં અધિકારો, વિસ્થાપિતોનાં અધિકારો, લોકશાહી અને માનવ અધિકારોનાં ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ, જાહેર આરોગ્યમાં સહકાર અને માનવીય સહાયતા અને આફતમાં રાહત પર દ્રષ્ટિકોણો અને ચિંતાઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

4. તેઓ બન્ને દ્વારા માનલ અધિકારોનાં રક્ષકો, પત્રકારો સહિત સ્વતંત્રતા, સ્વાયત્તતા અને નાગરિક સમાજનાં ક્ષેત્રોની વૈવિધ્યતાનું રક્ષણ, અને સંગઠનની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ એકઠા થવાનું રક્ષણ કરવા પર સહમતિ થઈ હતી. યુરોપિયન યુનિયન દ્વારા કોઈપણ અપવાદ વગર તમામ ક્ષેત્રોમાં તેઓની દેહાંતદંડની સડાનાં વિરોધનું પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. ભારત દ્વારા તમામ દેશોમાં લોકોને લાગુ પડે તેવા સાર્વત્રિક, વૈશ્વિક, ત્યાગ ન કરી શકાય તેવા મૂળભૂત માનવ અધિકારોની વિકાસનાં અધિકાર તરીકે ઓળખ કરવા પરનાં તેનાં આધારનું પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું.

5. ભારત અને યુરોપિયન યુનિયન દ્વારા આંતરરાષ્ટ્રિય રીતે ઓળખ કરવામાં આવેલા માનવ અધિકારોનાં કાયદાઓ અને માપદંડોનાં આધાર પર માનવ અધિકારોનાં મુદ્દાઓ પર વધારે જોડાણ લાવવાની જરૂરીયાત વ્યક્ત કરવામાં આવી હતી. બન્ને પક્ષોએ માનવ અધિકારોનાં રક્ષણ અને પ્રચાર માટે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય માનવ અધિકારોની યંત્રણાઓ મજબૂત કરવાની અને રાષ્ટ્રિય માનવ અધિકારોનાં સંસ્થાનો, સિવિલ સોસાયટીનાં ભૂમિકા પાત્રો અને પત્રકારોની અગત્યની ભૂમિકાનાં મહત્વની ઓળખ કરી હતી.

6. ભારત અને યુરોપિયન યુનિયન દ્વારા એકબીજાને વ્યાપાર અને માનવ અધિકારો પર સંયુક્ત રાષ્ટ્રનાં માર્ગદર્શક સિદ્ધાંતોનાં તેઓનાં અમલીકરણ પર અદ્યતન માહિતી આપવામાં આવી હતી. યુરોપિયન યુનિયન દ્વારા જાગરૂકતા સાથે કોર્પોરેટ ટકાઉપણા પર તેઓની તાજેતરની પહેલની ભારતને માહિતી આપવામાં આવી હતી. ભારત દ્વારા વ્યાપાર અને માનવ અધિકારો પર તેનાં પ્રથમ રાષ્ટ્રિય કાર્યકારી આયોજનની સ્થિતિ પર યુરોપિયન યુનિયનને અદ્યતન માહિતી આપવામાં આવી હતી. ભારત અને યુરોપિયન યુનિયન વ્યાપાર અને માનવ અધિકારોનાં ક્ષેત્રમાં સહકાર વધારે ગહન કરશે.

7. તેઓ બન્ને દ્વારા વૈશ્વિક સામયિક સમીક્ષા (UPR) યંત્રણા સહિત બહુપક્ષીયતા અને માનવ અધિકારોનાં ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રિય મંચો અને ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા અને સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકારોની પરિષદ (UNHRC) માં બહુપક્ષીયતા તરફની તેઓની પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. જીનેવા સ્થિત સંયુક્ત રાષ્ટ્રમાં ભારત અને યુરોપિયન યુનિયનનાં કાયમી મિશનો તેઓનાં આદાનપ્રદાનો ચાલું રાખશે અને લિંગ સમાનતા, જળ અને સ્વચ્છતા પર 50માં UNHRC સત્રનાં અવકાશમાં સાઇડ-ઈવેન્ટ બાદ વધારે સંયુક્ત પ્રવૃત્તિઓનું આયોજન કરશે.

8. ભારત અને યુરોપિયન યુનિયન દ્વારા લોકશાહી, સ્વતંત્રતાનાં સંયુક્ત સિદ્ધાંતો અને મૂલ્યો, કાયદાનું શાસન અને માનવ અધિકારો માટે આદર તરફતની તેઓની કટિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. ભારત અને યુરોપિયન યુનિયન 2023 માં આગામી માનવ અધિકારોનાં સંવાદોની અપેક્ષા રાખે છે.

9. આ માનવ અધિકારોનાં સંવાદની સહ-અધ્યક્ષતા ભારતનાં વિદેશ મંત્રાલયમાં યુરોપ પશ્ચિમ માટેનાં સંયુક્ત સચિવ શ્રીમાન સંદીપ ચક્રવર્તી અને ભારતમાં યુરોપિયન યુનિયનનાં રાજદૂત શ્રીમાન યુગો અસ્ટુટો દ્વારા કરવામાં આવી હતી.

નવી દિલ્હી
15 જુલાઇ, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.